રમાબહેન શાહને 'વુમન ઑફ ધ યર' એવૉર્ડ

રમાબહેન શાહને 'વુમન ઑફ ધ યર' એવૉર્ડ એનાયત કરતા સંસ્થાના પ્રેસિડેન્ટ હિતેશ બૉથરા, ડૉ. બી. કે. ગોયલ, ઉદય વાવીકર અને ડૉ. જીવરાજ શાહ

મુંબઈ : બંધ આંખે ગણેશજીની વિભિન્ન રંગ, રૂપ, મુદ્રાની પ્રતિમાઓ બનાવતાં જાણીતાં મૂર્તિકાર રમાબહેન શાહનું જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ મરીન લાઈન્સ સંસ્થાએ 'વુમન ઓફ ધ યર' એવૉર્ડ આપી સન્માન કર્યું હતું. તાજેતરમાં વાય. બી. ચવ્હાણ હૉલમાં આ કાર્યક્રમ યોજાયો હતો જેમાં શહેરના પ્રતિષ્ઠિત ડૉક્ટરો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. રમાબહેન સાથે આ સમારોહમાં કાર્ડિયાક સર્જન ડૉ. રમાકાંત પાંડાને 'મેન ઓફ ધ યર' એવૉર્ડથી, ઈએનટી સર્જન ડૉ. મિનેશ જુવેકર અને કેન્સરસર્જન ડૉ. ગણેશ નાગરજનને 'આઉટસ્ટેન્ડીંગ યંગ પર્સન' એવૉર્ડથી તથા ડૉ. વિપુલરોય રાઠોને 'એચિવર' એવૉર્ડથી સન્માનિત કરાયા હતા. મુખ્ય અતિથિ તરીકે બોમ્બે હૉસ્પિટલના ડાયરેક્ટર ડૉ. બી. કે. ગોયલ અને માનદ અતિથિ તરીકે સંસ્થાના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ ઉદય વાવીકર ઉપસ્થિત રહ્યા હતા. જેસીઆઈના પ્રેસિડેન્ટ ડૉ. નિલેશ જૈન, અક્રેશ બોકાડિયા અને સંસ્થાના સંસ્થાપક પ્રમુખ ડૉ. જીવરાજ શાહે કાર્યક્રમની સફળતા માટે જહેમત ઊઠાવી હતી. રમાબહેને મંત્રોચ્ચારના ગુંજારવ વચ્ચે બંધ આંખે ગણેશજીની મૂર્તિઓ બનાવી ત્યારે ઉપસ્થિતો તેમને શ્રદ્ધા અને કુતુહલથી જોઈ જ રહ્યા. રમાબહેને તેમને તિલક કરી મૂર્તિઓ ભેટ આપી હતી. ભારતીય સેનાના લેફ્ટનન્ટ કર્નલ અનિલકુમારે શુભેચ્છા આપતા કહ્યું હતું કે રમાબહેનને મૂર્તિ બનાવતાં જોવાં એ પણ એક અદ્‌ભુત અનુભવ છે. એમની આ કળા ઈશ્વરની ભેટ છે જે બહુ ઓછા લોકોને પ્રાપ્ત થાય છે. આ પ્રસંગે પ્રવીણ પંચાલ, ઘોઘારી વિશા ઓસવાળ મંડળના પ્રમુખ હર્ષદભાઈ શાહ, રસિકભાઈ શાહ, રમેશભાઈ શાહ તથા રમાબહેનના મામા રમેશભાઈ શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. રમાબહેન વર્ષ ૨૦૦૦થી ગણેશમૂર્તિઓ બનાવે છે અને એ માટે તેમને અનેક એવૉર્ડ મળ્યાં છે તથા અનેક સંસ્થાઓએ તેમનું સન્માન કર્યું છે. અત્યાર સુધીમાં તેમણે દોઢ લાખ ગણેશમૂર્તિઓનું નિર્માણ કર્યું છે. સમાજસેવા ક્ષેત્રે પણ તેમનું ઉલ્લેખનીય પ્રદાન રહ્યું છે.

'મેન ઑફ ધ યર' એવૉર્ડવિજેતા ડૉ. રમાકાંત પાંડા સાથે રમાબહેન, રમેશભાઈ, જ્યોતીન્દ્રભાઈ વગેરે

શબ્દ સાથે ક્યારેય અંચાઈ કરી નથી : દિનકર જોશી

'વાંચે ગુજરાત' જેવું અભિયાન મુંબઈમાં ચલાવવું જોઈએ

કૉફીમેટ્સ, વિકલ્પ અને ભવન્સ કલ્ચરલ સેન્ટરના 'અલ્પવિરામ' શ્રેણી અંતર્ગત 'જો આ હોય મારું અંતિમ પ્રવચન'માં ૧૯મા મણકાનું વક્તવ્ય આપતા દિનકર જોશી તથા તેમને સાંભળવા હાજર શ્રોતાગણ

મુંબઈ, તા. ૩ : 'લગભગ ૧૯૪૮-'૪૯ની વાત છે. બીમારીને લીધે લગભગ પથારીવશ સ્થિતિમાં સ્ટ્રેચરમાં હોઉં એ રીતે પડી રહ્યો હતો. એ બે વર્ષ મારા જીવનમાં ઘણાં મહત્ત્વપૂર્ણ નીવડ્યાં. એ વખતમાં ગાંધીજીની આત્મકથા, મહાભારત, રામાયણ વગેરે ઘણાં પુસ્તકો-ગ્રંથો વાંચ્યાં અને એ વખતમાં જ લખવાની શરૂઆત પણ કરી. ચાળીસેક પાનાંનું આત્મકથા જેવું લખાણ કર્યું. એ તેર વર્ષની ઉમરથી જે શબ્દ સાથે નાતો બંધાયો એ ૬૨-૬૩ વર્ષથી અતૂટ છે. આ શબ્દ સાથે ક્યારેય અંચાઈ કરી નથી. દીકરીને આપવા માટે ઢાગીના ઘડવા ચોવીસ કેરેટ સોનામાં તાંબું ઉમેરવું પડે એવો સહેજ અમથો ભેગ ક્યારેક કર્યો હોય તો ભલે, અન્યથા શબ્દ સાથે ક્યારેય બેવફાઈ કરી નથી' એમ અગ્રણી સાહિત્યકાર દિનકર જોશીએ જણાવ્યું હતું.

કૉફીમેટ્સ, વિકલ્પ અને ભવન્સ કલ્ચરલ સેન્ટરના 'અલ્પવિરામ' શ્રેણીમાં 'જો આ હોય મારું અંતિમ પ્રવચન'ના ૧૯મા મણકાનું વક્તવ્ય આપતાં દિનકરભાઈએ ઉપરોક્ત શબ્દોમાં પોતાની કેફિયત રજૂ કરી હતી. આરંભમાં અવિનાશ પારેખે સ્વાગતપ્રવચન ઉપરાંત ડૉ. કાંતિ પટેલના હસ્તે તુલસીનો છોડ આપીને દિનકરભાઈનું સ્વાગત કરાયું હતું. દિનકરભાઈનો પરિચય મહેશભાઈ શાહે આપ્યો હતો. અંતમાં કમલ વોરાએ ઋણસ્વીકાર વ્યક્ત કર્યું હતું.

એક સવાલના જવાબમાં દિનકરભાઈએ જણાવ્યું કે 'ગુજરાતમાં 'વાંચે ગુજરાત' અભિયાનથી કેટલા લોકો વાંચતા થયા એ ખબર નથી, પણ પુસ્તકો વધુ વેચાતાં થયાં એ સારું છે. આવું અભિયાન મુંબઈમાં પણ ચલાવવા જેવું ખરું.'

૪ ઑક્ટોબર અતીતમાં આજ

ચંદ્રેશ બાલકૃષ્ણ જોષી

1752 : જ્યોર્જિયન કેલેન્ડર મુજબ ૪ ઑક્ટોબરને ૧૫ ઑક્ટો. ગણવામાં આવે છે

1977 : વાજપેયીએ યુ.એન.માં હિન્દીમાં ભાષણ કર્યું

1857 : મહાન ક્રાંતિકારી શ્યામજી કૃષ્ણવર્માનો જન્મ

1996 : આફ્રિદીએ શ્રીલંકા સામે ૩૭ બૉલમાં સદી ફટકારી

આજના કાર્યક્રમો

મંગળવાર, તા. ૪-૧૦-૨૦૧૧

ધાર્મિક

★ **સ્વામી શ્રી પ્રેમપુરી આશ્રમ ટ્રસ્ટ :** દિપાલી મહેતા દ્વારા ઓઝોન થેરપીથી ઉપચાર : સાંજે ૪થી ૬.૩૦ : વિસામોમાં જાન્હવીબહેન દ્વારા હેલ્થ ઈઝ વેલ્થ વિશે પ્રવચન : સાંજે ૪ : સ્વામી ચિદંબરાનંદજી દ્વારા ગીતાજ્ઞાન પર પ્રવચન : સાંજે ૬ : મંદાકિની રામકિંકરજી દ્વારા શ્રીરામ કથા : સાંજે ૬ : પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યા ભવન, સ્વામી પ્રેમપુરીજી ચોક, બાબુલનાથ રોડ, મુંબઈ-૭.

★ **અંબાજી ધામ મંદિર :** શારદીય નવરાત્રિ નિમિત્તે સવારની આરતી : સવારે ૭ : અષ્ટમીનો હવન પ્રારંભ : સવારે ૧૦ : હવનની પૂર્ણાહુતિ : સાંજે ૫.૩૦ : મહિલા મંડળના ભજન, રાસ-ગરબા : સાંજે ૪થી ૬ : સાંજની આરતી : સાંજે ૭ : વિશેષ આરતી : રાત્રે ૧૦ : અંબાજી ધામ મંદિર, ફેકટરી લેન, ગોખલે હાઈસ્કૂલ પાસે, બોરીવલી(પ.).

★ **કનકેશ્વરી સત્સંગ મંડળ :** અષ્ટમી નિમિત્તે નવચંડી યજ્ઞ : સવારે ૮.૩૦ શ્રીફળ હોમાશે : સાંજે ૫ : આરતી : રાત્રે ૮.૩૦ : રાસ-ગરબા : રાત્રે ૯.૩૦ : શ્યામકુંજ હવેલી, ચંદ્રાવરકર રોડ, બોરીવલી (પ.).

આરોગ્ય

★ **મેઘદૂત યોગ સેન્ટર:** યોગ, પ્રાણાયામ, મેડીટેશન, આસન શીખવવામાં આવશે. : મેઘદૂત યોગ સેન્ટર, એસ.વી.રોડ, નાટકવાલા લેન, સિમ્પોલી સિગ્નલ સામે, બોરીવલી (પ.) : સવારે ૬.૩૦થી ૭.૩૦ : સોમથી શનિ.

★ **યોગ સાધના કેન્દ્ર :** યોગ સાધના શિબિરમાં આસન, પ્રાણાયામ, ધ્યાન અને શુદ્ધિક્રિયા શીખવવામાં આવશે : પાટીદાર વાડી, હોટેલ એરવેઝની બાજુમાં, લાલબહાદુર શાસ્ત્રી માર્ગ, ઘાટકોપર (પ.) : સવારે ૬થી ૭ : પાંચમી નવેમ્બર સુધી.

★ **જનકભાઈ પરીખ:** મેડિકલ માર્ગદર્શન અંગે નિઃશુલ્ક શિબિર : અંબાજી આશ્રમ, કાર્ટર રોડ નં.૩, બોરીવલી (પૂ.) : સવારે ૯થી ૭ બપોરે ૧૨ અને સાંજે ૪થી ૭ : પાંચમી ઑક્ટોબર સુધી.

જ્યોતિષશાસ્ત્ર

★ **બ્રહ્માંડ જ્યોતિષ સંસ્થાન:** વૈદ્કીય જ્યોતિષ મુજબ ચિકિત્સક વિચાર વિષે અરૂણા ભિમાણી અને વાસ્તુશાસ્ત્ર મુજબ બગીચો ક્યાં બનાવશો ? વિશે ભરત દેસાઈનું પ્રવચન : એસ. એન. ડી. ટી. કૉલેજ, કામા લેન, ઘાટકોપર (પ.) : સાંજે ૭થી ૯.

સામાજિક

★ **લાયન્સ કલબ ઑફ બૉમ્બે ગેટવે :** જરૂરિયાતમંદ બાળકોને કપડાં અને વ્હીલચેરનું વિતરણ : માજે મહલ, બિલ્ડિંગ નં. ૪, અભ્યુદયા નગર, કાલાચૌકી પોલીસસ્ટેશનની પાછળ, લાલબાગ, મુંબઈ : બપોરે ૨.૩૦.

★ **રોટરી કલબ ઑફ બૉમ્બે જુહુ બીચ:** કાઉન્સીલ -ધી ગ્રાન્ડ ફ્યુજન યાત્રા : ભાઈદાસ સભાગૃહ, વિલેપાર્લે (પ.) : ૭.૩૦.

જાવેદ અખ્તર અને શબાના આઝમીની ઉપસ્થિતિમાં 'કૈફી અને હું' પુસ્તકનું વિમોચન

મુંબઈ : વરિષ્ઠ અભિનેત્રી શૌકત આઝમી દ્વારા પોતાના પતિ અને ઉર્દૂ શાયર કૈફી આઝમી સાથેની જીવનસફર આલેખાયેલા પુસ્તકનો ગુજરાતી અનુવાદ 'કૈફી અને હું' ઈમેજ પબ્લિકેશન્સના ઉપક્રમે પ્રસિદ્ધ કરાશે. કાન્તા વોરા અનુવાદિત આ પુસ્તકનું વિમોચન શુક્રવાર, સાતમી ઑક્ટોબરે રાત્રે આઠ વાગ્યે ભાઈદાસ હૉલ ખાતે કરાશે. ગીતકાર જાવેદ અખ્તરના હસ્તે વિમોચન થશે. આ પ્રસંગે સુરેશ દલાલ ઉદ્‌બોધન કરશે. અતિથિવિશેષ તરીકે આઝમી પરિવાર સાથે પત્રકાર ભાવના સોમૈયા ઉપસ્થિત રહેશે. પ્રકાશન પ્રસંગે કૈફી આઝમી-શૌકત આઝમીનાં પુત્રી અને જાણીતાં અભિનેત્રી શબાના આઝમી અને જાવેદ અખ્તર પઠન કરશે. કાર્યક્રમની નિઃશુલ્ક નિમંત્રણપત્રિકા ત્રીજી ઑક્ટોબરે વહેલા તે પહેલાના ધોરણે ભાઈદાસ હૉલ તથા ઈમેજ પબ્લિકેશન, ૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ (ફોન નં. ૨૨૦૦૧૩૫૮) ખાતે મેળવી શકાશે.

બાલ ઉત્સાહી મંડળ દ્વારા હવનનું આયોજન

મુંબઈ : બાલ ઉત્સાહી મંડળ(ફણસવાડી) દ્વારા સાર્વજનિક નવરાત્રોત્સવ દરમિયાન અષ્ટમીના હવનનું આયોજન બુધવાર પાંચમી ઑક્ટોબરે સાંજે છ વાગ્યે ફણસવાડી, કાપરેશ્વર માર્ગના નવરાત્રોત્સવના મંડપમાં કરાયું છે,એમ મંડળના પ્રમુખ શરદ વિચારેએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

નવમી ઑલ મહારાષ્ટ્ર કરાટે સ્પર્ધા સંપન્ન

મુંબઈ : શોટોકાન કરાટે-ડો ઈન્ટરનેશનલ યુરોપિયન ફેડરેશન ઑફ ઇન્ડિયા (મહારાષ્ટ્ર) દ્વારા સમતા ક્રીડા ભવન, કાંદિવલી ખાતે યોજાયેલી નવમી ઑલ મહારાષ્ટ્ર કરાટે સ્પર્ધા હાલમાં જ સંપન્ન થઈ. સ્પર્ધાનું ડીપ્લમાફ્રાટ્ય ઉપમેયર શૈલેજા ગિરકરે કર્યું હતું. મુખ્ય અતિથિ તરીકે પ્રેમ શુકલા, યોગેશ સાગર અને ગોપાલ શેઠી ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં સલમાન અંસારી, એકરાર અંસારી, અજિત ગુમા, ધીરજ દુબે, મુલાયમ યાદવ, વિરાજ મોહિતે, અસ્લેશા દુબે, સાહિલ કુંભાર, વિશાલ રાઠોડ, અક્षत શર્મા, આકાશ પટેલ, વેદાંત શર્મા, ટ્રીનેલ્લ વાઝ, આદિતી મારે, ઈવન ઉમરાવ, અભિમન્યુ મહેતા, ફ્રેન્ન ફર્નાન્ડિઝ, ધ્યેય દેસાઈ, આર્યન પઠાણિયા, સૃષ્ટિ દુબે, અક્षय રાઠોડ અને સોહમ અંગચેકર વિવિધ વયજૂથોની સ્પર્ધામાં વિજયી રહ્યાં હતાં. સ્પર્ધા સાકાર કરવામાં સમતા ક્રીડા ભવન અને પત્રકાર વિકાસ સંઘનો વિશેષ સહકાર મળ્યો હતો. સ્પર્ધાનું આયોજન શૈલેજા ગિરકર, આનંદ મિશ્રા, દિનેશ ગુમા અને મહેશ ગુમાએ કર્યું હતું.

અખિલ હિન્દ મહિલા પરિષદના વિવિધ કાર્યક્રમો

મુંબઈ : મુંબઈની અખિલ હિન્દ મહિલા પરિષદની દેશભરમાં અનેક શાખાઓ આવેલી છે. જેમાંથી મુંબઈની શાખા ૮૨ વર્ષથી કાર્યરત છે. જે બહેનો અને બાળકોની ઉન્નતિ માટે કામ કરે છે. પરિષદ દ્વારા મુંબઈમાં નોકરી કરતી બહેનો કે જેમની પાસે રહેવાની સગવડ નથી તેવી બહેનોને સવલત આપે છે તથા તલાસરી ગામમાં આદિવાસી લોકોના કલ્યાણ માટે નિશાળ, બાળમંદિર, મેડિકલ દવાખાનું, કોમ્પ્યુટર વર્ગો, સીવણકામ જેવા અન્ય વર્ગો ચલાવાય છે, એમ પરિષદના પ્રમુખ ડૉ. રેખાબહેન ગોસલિયાએ અખબારી યાદીમાં જણાવ્યું હતું.

વૈષ્ણવ મહાવેવિશાળ પરિચય સંમેલન

મુંબઈ : મુંબઈ કપોળ જ્ઞાતિ, કપોળ વાડી ટ્રસ્ટ દ્વારા વૈષ્ણવ પરિવારનાં લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે વેવિશાળ પરિચય સંમેલનનું આયોજન નવમી ઑક્ટોબરે સાંજે ૪થી ૭ વાગ્યા સુધી માધવબાગ, સી. પી. ટેન્ક, મુંબઈ ખાતે કરાયું છે. રજિસ્ટ્રેશન માટે કપોળ વાડી, બીજી પાંજરાપોળ લેન, સી. પી. ટેન્ક રોડ ખાતે અથવા મુકેશ મહેતાનો મો. નં. ૯૮૨૦૨૭૨૦૪ પર સંપર્ક કરી શકાશે.

લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩ એ-૧ દ્વારા આયોજિત કાર્યક્રમમાં પનવેલની આદિત્રીએ આદિવાસી સ્કૂલ ચિકલોગામના શિક્ષકને ચેક અર્પણ કરતા ડિસ્ટ્રિક્ટ ૩૨૪ સી-રના સુનીલકુમાર, પ્રદીપ કાપડિયા, દિલીપ પરમાર, મોતીલાલ પુનમિયા, સુરેશ બાપના, સ્નેશ છાજેડ

પાર્શ્વ પદ્માવતી આરાધના મહોત્સવમાં જાણીતા ગાયક દલેર મહેન્દી ઉપસ્થિત રહ્યા હતા અને પોતાનાં ગીતોથી લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

પાર્શ્વ પદ્માવતી આરાધના મહોત્સવમાં દલેર મહેંદી

મુંબઈ : ચર્ચગેટસ્થિત ક્રોસ મેદાનમાં શ્રીકૃષ્ણગિરિ પાર્શ્વ પદ્માવતી સેવા મંડળ દ્વારા પાર્શ્વ પદ્માવતી આરાધના મહોત્સવનું આયોજન કરાયું છે. આ મહોત્સવ દરમિયાન કૃષ્ણગિરિ પીઠધિપતિ રાસ્ટ્ર વસંત વિજયના સાનિધ્યમાં પાર્શ્વ ભૈરવ મહાપૂજાનું આયોજન કરાયું છે, જેમાં ૧૦૦૮ દંપતીઓએ ભાગ લીધો હતો. મંડળમાં રોજ સાંજે સાત વાગ્યે સંગીતનો કાર્યક્રમ યોજાય છે. જેમાં જાણીતા ગાયક દલેર મહેન્દીએ ગીતો ગાઈને લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કાર્યક્રમને સફળ બનાવવા રાજેશ મહેતા, રોશનલાલ, રાજુ લોઢા અને સુરજભાઈ જહેમત ઉઠાવી રહ્યા છે.

માતૃભાષા ગુજરાતી પ્રસાર મંચ દ્વારા નર્મદની જન્મજયંતી ઊજવાઈ

મુંબઈ : માતૃભાષા ગુજરાતી પ્રસાર મંચ દ્વારા કવિ નર્મદની જન્મજયંતી ઊજવાઈ હતી. આ પ્રસંગે હિંમતભાઈ મહેતા અને કવિ સુરેન ઠાકર-મેહુલે વક્તવ્ય આપ્યું હતું. કવિ નર્મદની જન્મ જયંતી નિમિત્તે સુરેન ઠાકરના વક્તવ્યમાં જણાવ્યું હતું કે 'તમારાં સંતાનો ભલે અંગ્રેજીમાં ભણે, પરંતુ સંતાનોને ઘરમાં તો માતૃભાષા શીખવો. આપણી ગુજરાતી ભાષા કવિ નર્મદને શ્રદ્ધાંજલિ આપવાનો આ એક શ્રેષ્ઠ માર્ગ છે'. હિંમતભાઈ મહેતાએ કાર્યક્રમની ભૂમિકા બાંધી હતી. આ પ્રસંગે દિનકર જોષી, વિનુભાઈ વળિયા, શાંતિભાઈ શાહ, નરેન્દ્રભાઈ પટેલ, કલ્પના દવે, શાંતિભાઈ ઠક્કર, નીતિનભાઈ નથવાણી અને અન્ય હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

માંગરોળ દશા શ્રીમાળી વણિક વૈષ્ણવ સંપ્રદાય દ્વારા કૃષ્ણ મહોત્સવની ઉજવણી પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે બૅન્ક ઑફ ઇન્ડિયાના એસ.કે. શાહ અને બી. વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળીને તેમણે રૂા. ૫૧ હજારનું દાન જાહેર કર્યું હતું. ચેરમેન એસ.કે. સોમાણી, મહેન્દ્રભાઈ શાહ, ભરતભાઈ શાહ તથા અન્ય મહેમાનોએ દીપ પ્રાકટ્ય કર્યું હતું. શ્રેયા અને રિદ્ધિ શાહે નૃત્ય કર્યું હતું

કચ્છી લોહાણા મહાજન મુલુન્ડ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ

મુંબઈ : કચ્છી લોહાણા મહાજન મુલુન્ડની શિક્ષણ સમિતિ દ્વારા જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો હતો. સંસ્થાના કન્વીનરો નીતિન સર, ચેતન કોટક, ટ્રસ્ટી મોહનભાઈ પવાણી, અતિથિ વિશેષ પ્રતાપભાઈ ઠક્કર, શિવજીભાઈ દાવડા, ટ્રસ્ટી ભિષિનભાઈ મોનાણી, ભરત દનાણી, લાલજી સર, ધીરજ ઠક્કર, સેજલબહેન સોતા, જીતેન્દ્ર સોમૈયા તથા અન્ય સભ્યોના હસ્તે આશરે ૩૨૫ વિદ્યાર્થીઓનું સન્માન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન લાલજી સર, નીતિન સર, ચેતન કોટક, નીતા સોનેતા અને જીતેન્દ્ર સોમૈયાએ કર્યું હતું. ધીરજભાઈ ઠક્કરે આભારવિધિ કરી હતી.

મચ્છુકઠિયા સઈ-સુથાર જ્ઞાતિ હિતચિંતક મંડળનું સ્નેહમિલન

મુંબઈ : મચ્છુકઠિયા સઈ-સુથાર જ્ઞાતિ હિતચિંતક મંડળ (બૃહદ મુંબઈ) દ્વારા સ્નેહમિલનનું આયોજન અંદારમી ડિસેમ્બરે બપોરે ત્રણથી રાત્રે નવ વાગ્યા સુધી પાટકર હૉલ, ચર્ચગેટ ખાતે કરાયું છે. પ્રવેશપત્ર મેળવવા માટે એમ. ડી. ગોહીલ ટેઈલર્સ, ૩૪, કિચન ગાર્ડન લેન, મંગલદાસ માર્કેટ, મુંબઈ ખાતેથી મળી શકશે.

કિસી કા દર્દ લે સકે તો લે ઉધાર

કેન્સરના ઈલાજ માટે આર્થિક સહાયની અપીલ

મલાડ (પૂર્વ)માં હનુમાન નગરમાં રહેતા ૪૬ વર્ષીય યશવંતકુમાર પરમારને કેન્સર છે. યશવંતભાઈ દરજીની દુકાનમાં કામ કરતા હતા અને માસિક રૂપિયા ચાર હજાર કમાતા હતા, પરંતુ કેન્સરની બીમારીને કારણે તેઓ છેલ્લા ત્રણ મહિનાથી કામે જઈ શકતા નથી. પરિવારમાં પત્ની ઉપરાંત સત્તર વર્ષની પુત્રી અને ચૌદ વર્ષનો પુત્ર છે જેઓ અભ્યાસ કરે છે. યશવંતભાઈનાં પત્ની રંજનબહેન છેલ્લા ચાર મહિનાથી અન્યોનાં ઘરે રસોઈ કરવા જાય છે અને એમની રૂપિયા બે હજારની આવકમાંથી પરિવારનું ગુજરાન ચાલે છે. વિલે પાર્લે (પશ્ચિમ)ની ડૉ. બાલાભાઈ નાણાવટી હૉસ્પિટલમાં યશવંતભાઈનો ઈલાજ થઈ રહ્યો છે. ઉપચાર માટે તેમણે આર્થિક સહાયની અપીલ કરી છે. યશવંતભાઈને મદદ કરવા ઈચ્છુકોએ ભરતભાઈ ટેલર (મો.નં. ૯૮૬૯૧૯૬૮૪૫) અથવા રંજનબહેન પરમાર (મો.નં. ૯૯૮૭૯૧૬૩૨૯)નો સંપર્ક કરવો.

આપની આજ

બેજન દારૂવાલા

મંગળવાર, તા. ૪-૧૦-૨૦૧૧

મેષ : આજે દરેક કાર્ય આપ સારી રીતે પૂરા કરી શકશો તેમ ગણેશજી કહે છે, પરંતુ આપે જે દિશા પસંદ કરી છે તે યોગ્ય ન હોય તેવી પણ શકયતા છે. આપ કોઈ ધર્મને લગતી શુભ પ્રવૃત્તિમાં જોડાઈ શકો છો. આપના ઉગ્ર સ્વભાવને કારણે વ્યવસાય કે પરિવારમાં કોઈનું મન દુભાઈ શકે.

વૃષભ : આપ જે કામ હાથમાં લેશો તે સમયસર પાર ન પડતા નિરાશા અનુભવાય. આહારમાં ધ્યાન ન રાખવાને કારણે તબિયત બગડી શકે. નવું કામ શરૂ કરવું હોય તો સમય અનુકૂળ નથી. પ્રવાસમાં મુશ્કેલી નડી શકે. નોકરી કે વ્યવસાયમાં કામ વધારે રહેતા થાક અનુભવશો.

મિથુન: આપ મિત્રો અને મહેમાનો સાથે ભોજન કે પિકનિકની મજા માણી શકશો. નવા પરિધાન, આભૂષણો અને વાહન ખરીદો તેવી પણ શકયતા છે. સમાજમાં માન-પાન અને લોકપ્રિયતા મળશે. ધંધામાં ભાગીદારીથી ફાયદો થઈ શકે.

કર્ક : પરિવારજનો સાથે સમય ગાળીને આનંદ મેળવી શકશો. કામમાં સફળતા અને કીર્તિ મળશે. નોકરીમાં લાભ મેળવી શકશો. સ્વાસ્થ્ય સારું રહેશે. હરીફો આપની સામે જીતી શકશે નહીં.

સિંહ : આપની સર્જનશીલતામાં વધુ નિખાર આવશે. લેખન અને સાહિત્યમાં પણ કંઈક નવી રચના કરી શકશો. વિદ્યાર્થીઓ અભ્યાસમાં આગળ વધી શકશે. ધાર્મિક પ્રવૃત્તિઓમાં પણ વધુ રસ લેતા થશો.

કન્યા : આપે થોડી મુશ્કેલ પરિસ્થિતિ માટે તૈયાર રહેવું પડશે. સ્વાસ્થ્ય કથળે માતા સાથે મતભેદ થઈ શકે. અથવા તે બીમાર થાય. સંબંધીઓ સાથે મતભેદો થઈ શકે. વાહન કે ઘરના ખરીદ-વેચાણ માટે આ સમય યોગ્ય નથી. પાણીથી સાચવવું પડશે.

તુલા: નવું કામ શરૂ કરવું હોય તો દિવસ ઘણો સારો છે. આર્થિક લાભ થાય તેવી પણ શકયતા છે. સામાજિક પ્રસંગમાં હાજરી આપવા બદાર જવાનું થાય. વિદેશથી સારા સમાચાર મેળવી શકશો. સહોદરો સાથેનો સંબંધ વધુ સારો બનશે.

વૃશ્ચિક : કુટુંબમાં સુખશાંતિનું વાતાવરણ રહેશે. સંબંધીઓ અને મિત્રોને મળવાનું થાય. ધર્મને લગતી પ્રવૃત્તિઓ પાછળ ખર્ચ થઈ શકે. આપ ઘરેણાં અને સુવાસિત વસ્તુઓની ખરીદી કરી શકશો. વાણીથી લોકોને આકર્ષી શકશો.

ધન : લગ્ન અને સંતાન તેમજ સુખ, સ્વાસ્થ્ય અને વિદ્યાભ્યાસમાં સફળતા માટે સમય ઘણો અનુકૂળ છે. દરિયાપાર વેપાર-ધંધાથી લાભ થઈ શકે છે. શુભ કાર્યો કરી શકશો. નાણાકીય લાભ થઈ શકશે. સમાજમાં માન-પાન વધે. આપ સારું ભોજન માણશો અને આપનું સ્વાસ્થ્ય પણ સારું રહેશે.

મકર : આપને સ્વાસ્થ્યને લગતી ફરિયાદ રહે. વ્યવસાયમાં સરકારની દખલગીરી વધશે. ધર્મ અને સમાજને લગતા કાર્યો પાછળ નાણાંનો ખર્ચ થઈ શકે. શત્રુઓ દ્વારા કનડગત થઈ શકે. ડાબી આંખમાં પીડા થાય કે દેવું થાય તેવી શકયતા છે. અકસ્માતથી ખાસ સાચવવું પડે.

કુંભ: આજનો દિવસ શુભ માંગલિક કાર્યો માટે સારો છે. અપરણિતોના લગ્નના યોગ છે. સંતાન અને પત્ની તરફથી સારા સમાચાર મળશે. મિત્રો અને વડીલો તેમ જ નોકરી-ધંધામાં ઘણાં લાભ મેળવી શકશો. આવકમાં વધારો થશે.

મીન: આપનું દરેક કામ સરળતા અને સફળતાથી પાર પડશે વ્યવસાયમાં પદોન્નતિ કે વૃદ્ધિ થઈ શકે. વડીલો તરફથી ફાયદો થઈ શકે. સરકારી બાબતોમાં પણ લાભ મેળવી શકશો. સમાજમાં પ્રતિષ્ઠા વધશે. પરિવારમાં સુખ શાંતિ જળવાશે.